# SHREE VASISHTHA VIDHYALAYA
## Gujarati 2nd Language Worksheet 2025-26

Name : - ____________________ Std.:- V - ________

Roll No. :-________ Worksheet No.TA-2-01 Date : - ________

**પાઠ - ૧૪ : જવાબદારી , પાઠ - ૧૫ : સ્વચ્છતા, પૂરક્વાચન -૧ અને ૨**

**ગદ્યાંશ**

લાલા લજપત રાય (લાલ), બાલ ગંગાધર તિલક (બાલ) અને બિપિન ચંદ્ર પાલ (પાલ)ની ત્રિપુટી 'લાલ-બાલ-પાલ' તરીકે ઓળખાય છે. તેઓ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ઉગ્ર રાષ્ટ્રવાદના પ્રણેતા હતા. આ ત્રિપુટીએ 1905માં બંગાળના ભાગલાના વિરોધમાં સ્વદેશી આંદોલન અને વિદેશી વસ્તુઓના બહિષ્કાર દ્વારા દેશભરમાં જાગૃતિ ફેલાવી હતી. લાલા લજપત રાય "પંજાબ કેસરી" તરીકે ઓળખાતા હતા. તેમણે સાયમન કમિશન સામેના વિરોધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. બાલ ગંગાધર તિલકને 'લોકમાન્ય' તરીકે સન્માનિત કરાયા છે. તેમણે "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે" નો નારો આપ્યો અને જનઆંદોલન ઊભું કર્યું. બિપિન ચંદ્ર પાલને ભારતમાં 'ક્રાંતિકારી વિચારોના પિતા' માનવામાં આવે છે. તેમણે સ્વરાજ માટે સામાન્ય જનતાને જાગૃત કરવા પર ભાર મૂક્યો હતો. આ નેતાઓએ ભારતીય સ્વતંત્રતા સંઘર્ષને નવી ઊર્જા આપી અને સ્વરાજ્ય માટે જનતાને પ્રેરિત કરી.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

૧) ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ઉગ્ર રાષ્ટ્રવાદના પ્રણેતા કોણ હતા?

-----------------------------------------------

૨) બાલ ગંગાધર તિલકે ક્યો નારો આપ્યો?

-----------------------------------------------

3) ભારતમાં 'ક્રાંતિકારી વિચારોના પિતા' કોને માનવામાં આવે છે?

-----------------------------------------------

૪) લાલા લજપતરાય કયા નામથી ઓળખાતા હતા?

-----------------------------------------------

**પ્રશ્ન - ૨) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) બિલાડી કેવી હતી?

(અ) સફેદ અને કોમળ વાળવાળી (બ) ગંદી ( ક ) કાળી

(૨) શરીરની સાથે શું સ્વચ્છ રાખવું જોઈએ?

(અ) ગરદન (બ) આંખ (ક) પેટ

(૩) સમાચારપત્રમાં પોતાનું નામ આવવાની ઈચ્છા કોને હતી?

(અ) નંદિશ (બ) રોહન (ક) ઈશા

(૪) ખેડૂતનો છોકરો કેવો હતો?

(અ) નાનો (બ) મોટો (ક) ગંદો

(૫) ખેડૂતનો છોકરો શેનાથી હેરાન થઈ ગયો હતો?

(અ) તાવ (બ) શરદી (ક) ખંજવાળ

Scanned with OKEN Scanner

**પ્રશ્ન - ૩) પાઠના આધારે ખાલી જગ્યા પૂરો.**

(૧) નંદિશની માતા પુનિતાબેન ------------------------ હતા.

(૨) નંદિશ ------------------------ ધોરણમાં અભ્યાસ કરતો હતો.

(૩) નંદિશ રોજ સવારે વહેલો ઊઠીને ઘેર ઘેર ------------------------ નાખવા જતો.

(૪) એક ખેડૂતે એક ------------------------ પાળી હતી.

(૫) ખેડૂત રોજ બિલાડીને ------------------------ અને ------------------------ ખાવા આપતો હતો.

(૬) રોજ રાત્રે બિલાડી ખેડૂતના --------------------માં જ સાથે સૂઈ જતી હતી.

**પ્રશ્ન - ૪) નીચેનાં વાક્યો ખરાં [✓] છે કે ખોટાં [ × ]તે જણાવો.**

(૧) ભોમિયા સાથે મારે ભમવા'તા ડુંગરા. [ ]

(૨) નોળિયાનું અડધું શરીર ચાંદીનું હતું. [ ]

(૩) યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ દ્વારા વિશાળ સામ્રાજ્યનું આધિપત્ય મેળવ્યું. [ ]

(૪) મહાભારતનું યુદ્ધ સમાપ્ત થતા યુધિષ્ઠિર ભારતવર્ષના રાજા બન્યા. [ ]

(૫) મેલમાં એક પ્રકારના વિષાણું હોય છે. [ ]

(૬) નંદિશના મનમાં ફરવા જવાની ખાસ ઈચ્છા હતી. [ ]

**પ્રશ્ન - ૫) પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.**

૧) નંદિશને શેનો ખૂબ જ શોખ હતો?

--------------------------------------------------------------------------------

૨) પોતાના પિતાને મદદરૂપ થવા નંદિશ શું કામ કરતો હતો?

--------------------------------------------------------------------------------

૩) નંદિશના પિતા શું વ્યવસાય કરતા હતા?

--------------------------------------------------------------------------------

૪) ખેડૂત પોતાના પુત્રને શેનાં પાઠ ભણાવે છે?

--------------------------------------------------------------------------------

૫) નંદિશ પોતાના માતા - પિતા સાથે ક્યાં રહેતો હતો?

--------------------------------------------------------------------------------

Scanned with OKEN Scanner